# શિકાગોમાં FIA પરેડને મિશ્ર સફળતા



એ.ક્યુ. સિદ્દીકી, રમેશ સોપારાવાલા, અરવિંદ પટેલ : શિકાગો

શિકાગો ખાતે આવેલ ડેવોન એવેન્યૂમાં ફેડરેશન ઓફ ઈન્ડિયન એસોસિયેશન (એફઆઈએ) દ્વારા ભારતના ૬૪મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે યોજાયેલ પરેડ એક ભવ્ય ફ્લોપશોમાં પરિણમતાં રહી ગઈ હતી. મહાત્મા ગાંધી માર્ગથી પરેડ શરૂ થઈ હતી. વેસ્ટર્ન એવન્યૂ ખાતે ઈલીનોઈના ગવર્નર પેટ ક્વીનની ગેરહાજરીમાં કૂક કાઉન્ટી સર્કિટ કોર્ટ ક્લર્ક ડોરોથી બ્રાઉને ધ્વજવંદન કર્યું હતું. આ સમયે કોઈ બેન્ડ કે એરોબિક્સ રજૂ કરનાર કોઈ ન હોઈ ફૂટપાથની બંને બાજુ સુમસામ ભાસતી હતી. ડ્રમરો અને જેસી વ્હાઈટ ટમ્બલર્સ જોડાયા બાદ વાતાવરણ જીવંત બન્યું હતું. રાજ્યકક્ષાના કેટલાક મહાનુભવો જેવા કે કૂક કાઉન્ટી બોર્ડ પ્રેસિડેન્સી કન્ટેન્ડર ટોની પ્રેકવિંકલ, સેનેટ કેન્ડિડેટ ગીઆનુલીએસ, એલ્ડરમેન બર્નાર્ડ સ્ટોન, એલ્ડરમેન મે મૂરે, સ્ટેટ સેનેટ કેન્ડિડેટ્સ નોલન, રાજા કૃષ્ણમૂર્તિ તેમજ અન્યોનો સમાવેશ થતો હતો. પરેડમાં પસાર થતાં ૩૦ ફ્લોટ્સને જોઈ ભારતીય અમેરિકનો ખુશખુશાલ જણાતાં હતાં. પરેડમાં ભારતના કોન્સલ જનરલની ગેરહાજરી પણ શહેરમાં ચર્ચાનો વિષય બની હતી. ઈવેન્ટના ચેરપર્સન સની ગભાવાલાએ જણાવ્યું હતું કે અમે કોન્સ્યુલેટને આમંત્રણ પાઠવ્યું હોવા છતાં કોઈ પ્રતિક્રિયા મળી ન હતી. એકંદરે પરેડમાં ધાર્યા કરતાં લોકોની હાજરી ઓછી હતી






અને તે પાછળના કેટલાક કારણોમાં સંસ્થાનો આંતરિક વિખવાદ, તેમજ એકતાનો અભાવ અને 'સ્ટાર' એટ્રેક્શન તો ખાસ કારણ હતું. ચેરપર્સને ચોખ્ખું જણાવ્યું હતું કે તેઓ હજારો ડોલર ફિલ્મી સિતારાઓને બોલાવવા પાછળ ખર્ચ કરશે નહીં અને તેમના આ સૂચનને લોકોએ આવકાર્યું હતું અને સમય જતાં પરેડમાં લોકોની વધતી હાજરીએ દર્શાવી દીધું કે તેઓ સ્ટાર વગર પણ પરેડ યોજી શકે છે. હિન્દુ, મુસ્લિમ શીખ અને ખ્રિસ્તીઓ તેમજ ઉદ્યોગપતિઓ, વ્યવસાયિકો, અમિર અને મધ્યમવર્ગના લોકોએ પરેડને નિહાળી હતી. એફઆઈએના ટ્રસ્ટી ઈફ્તેખાર શરીફે પરેડ બાદના સંબોધનમાં જણાવ્યું હતું કે રમજાન મંદીનો હોવા છતાં મોટી સંખ્યામાં મુસ્લિમો પરેડ જોવા ઊમટ્યા હતા.

ભારતીય સંસ્કૃતિને દર્શાવતા હતા. મહારાષ્ટ્ર મંડળ, ક્રિશ્ચિયન્સ એસોસિયેશન, ગાયત્રી પરિવાર, ગીતા આશ્રમ અને ગુજરાતી એસોસિયેશનના ફ્લોટ્સ ઘણા આકર્ષક હતા. બિઝનેસ જૂથના ફ્લોટ્સના મની ડાર્ટ, સાહિલ, ગ્લોબટ્રાટર્સ, લ્યુસન્ટ ટૅક્નોલોજી વગેરેનો સમાવેશ થતો હતો. વિશિષ્ટ ભારતીય અમેરિકનો, ટ્રસ્ટીઓ અને એફઆઈએના સભ્યો એલ્ડરમેન બર્ની સ્ટોન અને ફૂડ કાઉન્ટી ડેરોથી વ્હાઉન, નિરંજન શાહ, એફઆઈએના પ્રમુખ સની ગાભાવાલા, ભૂતપૂર્વ પ્રમુખ ઈફ્તખાર શરીર, ડો. ભરત બરાઈ, બાબુ પટેલ, કાંતિ પટેલ, સોહન જોષી, તારિક સિદ્દીકી અને અન્યોએ પરેડમાં માર્શલ્સ તરીકે ચાલ્યા હતા. કીર્તિકુમાર રવુરીએ પરેડનું નેતૃત્વ લીધું હતું.

## કેનેડામાં કુશળ કામદારો, વ્યવસાયીકો માટે રોજગારી

**કેનેડામાં કાયદેસર, ગેરકાયદે, કોઈ સ્ટેટસ વિના, હકાલપટ્ટી થયેલા અથવા સ્વચ્છ રેકોર્ડ હોવા છતાં હકાલપટ્ટીની પ્રક્રિયા હેઠળ હોય, પરમેનન્ટ રેસિડેન્સિ (ગ્રીનકાર્ડ) વિઝા નકારવામાં આવ્યા હોય તેમને એમ્પલોયમેન્ટની ગોઠવણથી ઘણો ફાયદો કુશળ કારીગરો અને વ્યવસાયીઓ : અરેન્જડ એમ્પલોયમેન્ટ**

ભગવાન આહુજા,
અમેરિકન બાર એસોસિયેશનના સભ્ય

કૅનેડિયન એમ્પ્લોયર પાસેથી તમને કાયમી રોજગારીની ઑફર તો તમારી ફેડરલ સ્કિલ્ડ વર્કર અરજી મંજૂર થવાની શક્યતાઓ વધી જાય છે.

તમારા સંજોગોના આધારે માન્ય રોજગારીની ઑફર માટેની જરૂરિયાતો પણ અલગ અલગ હોય છે.



(૧) જો હાલ તમે કૅનેડામાં કામ કરતા હોવ તો

- ફેડરલ સ્કિલ્ડ વર્કર તરીકે તમને મંજૂરી મળી હોય તો તમારા વર્તમાન એમ્પલોયરે તમને કાયમી જૉબ માટેની ઑફર કરવી જ પડે, અને
- તમે કાયમી રેસિડેન્ટ વિઝા માટે અરજી કરો અને વિઝા આપવામાં આવે તે સમયે તમારી ટેમ્પરરી વર્ક પરમિટ વેલિડ હોવી જોઈએ.

**આ ઉપરાંત,**

- તમારી વર્ક પરમિટને પોઝિટિવ લેબર માર્કેટ ઓપિનિયન મારફત હ્યુમન રિસોર્સિસ એન્ડ સોસિયલ ડેવલપમેન્ટ કૅનેડા (એચ આર એસ ડી સી) - અથવા
- તમે એ કેટેગરીમાં હોવા જ જોઈએ જેને અરેન્જડ એમ્પલોયમેન્ટ ઓપિનિયનમાંથી બાકાત રાખવામાં આવી હોય.

(૨) અન્ય તમામ કેસોમાં

તમે કૅનેડામાં કામ કરતા ન હોવા જોઈએ અને તમારી પાસે કાં તો

- વેલિડ વર્ક પરમિટ ન હોય અથવા
- તમારી પાસે વર્ક પરમિટ હોય, પરંતુ પ્રથમ ઉદાહરણમાં જે સંજોગો દર્શાવ્યા છે તેના કરતાં અલગ સંજોગો હોય.

આ સંજોગોમાં, એમ્પલોયમેન્ટની ઑફર વેલિડ રહે છે જો તમારા સંભવિત એમ્પલોયરે

- ફેડરલ સ્કિલ્ડ વર્કર તરીકે તમે સ્વીકૃત થયા હોવ તો એમ્પલોયરે અનિશ્ચિત આધાર પર તમને એમ્પલોયમેન્ટની ઑફર કરેલી હોય, અને
- એચ આર એસ ડી સી તરફથી પોઝિટિવ અરેન્જડ એમ્પલોયમેન્ટ ઓપિનિયન મેળવ્યો હોય.

**અને તમે,**

- જૉબ સાથે સંકળાયેલી કૅનેડિયન લાઈસન્સિંગ અથવા રેગ્યુલેટરી ધોરણો પૂરા કરતા હોવ.

**Disclaimer :** This article has been written by Bhagwan Ahuja, who recently graduated for Master of Laws (LLM) degree from a prestigious law school - Beasley School of Law, Temple University, Philadelphia, PA, in the United States, as distinguished student of Citizenship, Immigration and Refugee Law. This article has been written to guide you to see the difference. If you are unable to get legalized in the country of your habitual residence or you feel , it is time consuming or expensive, it is easy fast. This article is neither a legal document nor a legal advice but it makes you to think about it and visit the website of the immigration of the country of your habitual residence for which you are struggling for the past many years and then visit the website of Canadian Immigration to make a complete research in this connection.

## કેથોલિક સામયિકમાં યોગ વિશે આવકારદાયક લેખ

સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી યોગનું અસ્તિત્વ છે અને હિન્દુ તત્વજ્ઞાનની છ વ્યવસ્થા પૈકી એક છે

હરિશ રાવ . શિકાગો

''યોગથી મારું કેથોલિસિઝમ સંપૂર્ણ પરિવર્તિત થઈ ગયું છે,'' તેવા નિવેદન સાથે 'યુ એસ કેથોલિક' સામયિકમાં યોગ વિશે પ્રકાશિત થયેલા એક લેખને શિકાગો સહિત આખા અમેરિકામાં વસતા ભારતીય નાગરિકોએ ભારે આવકાર આપ્યો છે.

''ઓમ-સ્કૂલ્ડઃ તમારી કેથોલિક પ્રાર્થનાને યોગ કેવી રીતે પ્રભાવિત કરી શકે'' શીર્ષક હેઠળ આ લેખ આ સામયિકના સપ્ટેમ્બર ૨૦૧૦ના અંકમાં પ્રકાશિત થયો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ''શરીર, મન અને આત્માના સમન્વય સાથે પ્રાર્થના કરવાની હોય ત્યારે કેથોલિકો યોગની હિન્દુ પરંપરામાંથી શીખી શકે છે.''

શિકાગોસ્થિત ભારતીય અમેરિકન સમુદાયના સેવાભાવી કાર્યકરો સોહન જોશી, મધુ પટેલ, નંદ કપુર, ભાઈલાલ પટેલ, વિનેશ વિરાણી, ભંવર જોશી, જોધ"સહ રાવત સહિત સંખ્યાબંધ લોકોએ જણાવ્યું કે, હિન્દુત્વ એ ધર્મ નહિ પણ જીવન પદ્ધતિ છે અને તે માત્ર લાગણીને જ નહીં પણ શરીર, મન તેમજ વિચારપ્રક્રિયા ઉપર પણ અસર કરે છે. યુનિવર્સલ સોસાયટી ઓફ હિન્દુઈઝમના પ્રમુખ રાજન ઝેદે નેવાડા ખાતે એક નિવેદનમાં જણાવ્યું કે, એક જીવંત અવશેષ તરીકે ઓળખાવવામાં આવતી યોગ વિદ્યા હિન્દુત્વએ માનવજાતને આપેલી ભેટ છે અને તે એક વૈશ્વિક વારસો છે.

એમ એમ હુબેલે દ્વારા લખવામાં આવેલા આ લેખમાં જણાવવામાં આવ્યું છે કે, ''કેથોલિક તરીકે આપણે બાહ્ય ચીજોમાં વિશ્વાસ રાખીએ છીએ. આપણા આત્મામાં જે અનુભવીએ છીએ તેની અસર આપણા શરીર પર થાય છે. મુક્તિ મેળવવાના આશયથી આપણે કદાચ આડાઅવળા વિચારોને કાબૂમાં લેવા પ્રયાસ ન કરીએ, પરંતુ જે પવિત્ર બાબતો છે તેના પ્રત્યે શારીરિક પ્રતિભાવ આપીને આપણે ચોક્કસ લાભ મેળવી શકીએ. પરંતુ આપણા હિન્દુ ભાઈઓ અને બહેનો પાસેથી શીખીને આપણે આપણી પરંપરાનાં તત્વો શોધી શકીએ તેમ છીએ જે ધર્મ જેટલી જ જૂની છે. કેથોલિક પ્રાર્થના દરમિયાન મને અત્યાર સુધી જે અહેસાસ ન થયો તે યોગ દ્વારા સમજાયું કે આ બ્રહ્માંડમા મારું અસ્તિત્વ શું છે?

સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી યોગનું અસ્તિત્વ છે અને હિન્દુ તત્વજ્ઞાનની છ વ્યવસ્થા પૈકી એક છે. ઈસુના જન્મના ૩૦૦ વર્ષ પહેલાં પતંજલિ દ્વારા યોગ સૂત્ર તરીકે ઓળખાવવામાં આવેલી આ વિદ્યા વાસ્તવમાં માનસિક અને શારીરિક વ્યવસ્થા છે જેના દ્વારા જીવાત્મા પરમાત્મા સાથે જોડાય છે, તેમ રાજન ઝેદે ઉમેર્યું હતું.

એક અંદાજ મુજબ સ્વામી વિવેકાનંદ છેક ૧૮૯૩માં યોગ વિદ્યાને અમેરિકા લાવ્યા હતા. કેટલાક ઋષિમુનિઓએ યોગને તમામ માનસિક પરિવર્તનને શાંત કરવાની પદ્ધતિ તરીકે ઓળખાવ્યો છે જેના દ્વારા સર્વોચ્ચ આત્માની સંપૂર્ણ ઓળખ થઈ શકે છે. 'યુ એસ કેથોલિક' સામયિક રોમન કેથોલિક ધાર્મિક સમુદાયના પાદરીઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવતું પુરસ્કાર વિજેતા સામયિક છે અને તેના તંત્રી રેવ. જ્હોન મોલીનેક્સ છે. શિકાગોસ્થિત ક્લેરેટાઈન પબ્લિકેશન અમેરિકાના સૌથી પ્રતિષ્ઠિત કેથોલિક પ્રકાશકો પૈકી એક માનવામાં આવે છે.

## અક્ષયપાત્ર ફાઉન્ડેશન USA એડવાઇસરી બોર્ડની રચના

બોસ્ટન



ફરીદ ઝખરીયા



દિપક ચોપરા



નીતિન નોહરીયા



નારાયણ મૂર્તિ

અક્ષયપાત્ર ફાઉન્ડેશન યુએસએ દ્વારા સંસ્થાને મદદરૂપ થવા માટે સલાહકાર બોર્ડની રચના કરી હોવાની તાજેતરમાં જાહેરાત કરી હતી. આ બોર્ડમાં ચોપરા સેન્ટર ફોર વેલબીઇંગના સ્થાપક દીપક ચોપરા, ઈન્ફોસીસ ટૅક્નોલોજીસના ચેરમેન અને સ્થાપક એન. આર. નારાયણ મૂર્તિ, હાવર્ડ બિઝનેસ સ્કૂલઇના ડિન નીતિન નોહરિયા, સીએનએનના જીવીસ માટેના હોસ્ટ અને પત્રકાર, લેખક ફરીદ જાબરિયા જોડાયા છે. અક્ષયપાત્ર બોર્ડના અધ્યક્ષ દેશપાંડેએ જણાવ્યું હતું કે જ્યારે સફળ આગવાનો એક સાથે મળીને એકબીજાને પડકાર ફેંકીને સંસ્થાને આગળ લાવવા માટે પ્રેરે છે ત્યારે ચમત્કાર સર્જાય છે. નવરચિત બોર્ડના સભ્યો અભિગમને સમર્થન આપવા ઉપરાંત વિશિષ્ટ આગેવાનોને સંસ્થાનો ભાગ બનવા માટે આકર્ષશે જેથી તેને એક ઊંચા મુકામ પર લઈ જવાય. ચોપરાએ કહ્યું કે રચનાત્મકતા અને કરુણતા સાથે મળીને શું સર્જી શકે છે તેનો શ્રેષ્ઠ દાખલો અક્ષયપાત્ર છે. જ્યારે નારાયણ મૂર્તિએ કહ્યું કે અક્ષયપાત્ર આશા, ન્યાય અને બાળકો તક પૂરી પાડતી એક સફળ કહાણી છે.

વિશાળ એનજીઓ પૈકીની એક અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના ચલાવે છે અને તે એક જાહેર-ખાનગી ભાગીદારી છે. ૨૦૧૦માં બેંગલોર ખાતે તેનો પ્રારંભ થયો હતો. અક્ષયપાત્ર યુએસએના પ્રમુખ અને સીઈઓ મધુ શ્રીધરે જણાવ્યું હતું કે અમે વધુ સભ્યો ઉમેરવાનું ચાલુ રાખીશું. વધુ વિગતો માટે www.foodeducation.orgની મુલાકાત લો.

## શિકાગોમાં પર્યુષણ પર્વ ઉજવાશે

કપિલા શાહ . બાર્ટલેટ (શિકાગો)

જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન શિકાગો દ્વારા પર્યુષણ પર્વઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ઉજવાશે. તે માટે રાજકોટથી શ્રુતપ્રજ્ઞાજી ખાસ શિકાગો આવ્યા છે. ચોથી સપ્ટેમ્બરે સવારે ૮ વાગે પૂજા બાદ સ્નાત્રપૂજા ભણાવવામાં આવશે અને તે પછી શ્રુતપ્રજ્ઞાજીનું પ્રવચન શરૂ થશે. બપોરે સામાયિક તથા સાંજે પ્રતિક્રમણ કરવામાં આવશે. ૭ વાગે ભાવના પ્રવચન, આરતી અને મંગળદીવાનો કાર્યક્રમ યોજાશે. પાંચમીએ મહાવીર સ્વામીનો જન્મ વાંચનનો દિન રહેશે. બપોરે ત્રિશલાદેવીને જે ૧૪ સ્વપ્નો આવેલાં તે તમામ સ્વપ્નોની ઘીની બોલી બોલાવવામાં આવશે. ૧૧મીએ સંવત્સરી પ્રતિક્રમણ ભણાવવામાં આવશેબીજા દિવસે સેન્ટરમાં સામૂહિક પારણાની ઉજવણી થશે. ૭મીએ શ્રીમદ્ રાજચંદ્ર ભક્તિનો પરા કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

## અમેરિકામાં ભારતીય ફિલ્મ નિર્માતા જામીન પર મુક્ત

એજન્સી . હ્યુસ્ટન/નવી દિલ્હી

અમેરિકામાં ધરપકડ બાદ ભારતીય ફિલ્મ નિર્માતા વિજયકુમારને ૫૦૦૦ ડોલરના જામીન પર મુક્ત કરાયા છે.

વિદેશી બાબતના મંત્રી વ્યાલાર રવિએ આ અંગેની જાણકારી આપી હતી. જેહાદી સાહિત્ય ધરાવવા બદલ અને પિત્તળના છેલ્લા રાખવા બદલ જ્યોર્જ બુશ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી શુક્રવારે વિજયની ધરપકડ કરવામાં આવી હતી.

## જયપુરે આપ્યો બરાક ઓબામાને જીતનો મંત્ર

સંવાદાતા. જયપુર

એક રાજસ્થાનીએ આપેલા બે શબ્દો 'એન્ટી વોર' એ ૨૦૦૮માં અમેરિકાના પ્રમુખ માટે યોજાયેલી ચૂંટણીનો તખ્તો પલટી નાખ્યો અને પ્રથમવાર અશ્વેત ઉમેદવાર બરાક ઓબામા અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયા. જયપુર નિવાસી ઈન્દ્રદાન રતનુના ઉપન્યાસ ફર્સ્ટ લેડી પ્રેસિડેન્ટને વાંચવાથી ઓબામાનો અપ્રત્યાશીત વિજય સંભવ થયો. ઉપન્યાસના ઉપરોક્ત શબ્દોનો ઓબામાએ ચૂંટણી પ્રચારમાં પૂરે પૂરો ઉપયોગ કર્યો. આ દાવો કોઈ રાજસ્થાની નથી કરી રહ્યો પણ વૉશિંગટન ડીસીના સૌથી લોકપ્રિય રાજનિતીક બ્લોગ wonkette.com મે તાજેતરમાં કર્યો છે. બ્લોગે ઓબામાને એવું પણ સુચન કર્યુ છે કે લેખકને આવો આઈડિયા આપવા બદલ ૧૦ લાખ ડોલરનું ઈનામ આપવામાં આવે. Rediff.com indianews એ પણ ઓબામાને વ્હાઈટ હાઉસ સુધી પહોંચાડવાનો શ્રેય રતનુ દ્વારા લિખિત ઉપન્યાસને આપ્યો છે. wonkette.com એ ૧૩ જુલાઈ એ તેના બ્લોગમાં જણાવ્યુ કે ભારતથી આવેલ એક નમ્ર લેખકે ઓબામાને શોધી કાઢ્યા. તેમજ ૨૦૦૮ના ચૂંટણી અભિયાન અને તે સમયનું રાજકિય ચિત્ર ૨૦૦૩ માં તેમણે લખેલા ઉપન્યાસમાં રજૂ કર્યું. તેઓ ૫ વર્ષ પહેલા જ આભાસ થયો હતો કે પુસ્તકના મુખ્ય પાત્ર હિલેરી અને ઓબામાને લઈને તૈયાર કર્યું તેમણે ઓબામાને ચરક સુદામા તેમજ હિલેરી ક્લિનટને બેવરલી ક્લિન્ટનના પાત્રથી નવાજ્યા અને એક જ પક્ષના બે ઉમેદવારોને વિજયનો સૂત્ર આપ્યો.




PRAKASH SHAH
3.2 x 3

BHAGWAN AHUJA
3.2 x 2

Eastern Air Couriers
5 x 7

HOTEL/MOTEL SALE
Hotel/Motel Sale in Vermont. 59 rooms and Suites, National franchise, good location and gross income.
(802) 598-8874

Gas Station Help Wanted
Sparta, NC. (1 hour North of Charlotte). Experienced required with Convenience Store Operation. Excellent Pay. Profit Sharing Options available.
Contact Nikhil @ 704-301-0008 or Jayesh @ 904-234-7670
email - nickpatel78@gmail.com

HEALTH FOOD STORE FOR SALE
Well established, high profit, complete with Organic, Deli, Produce, Juice Bar, Vitamins, Herbs, Ayurvedic and Homeopathic remedies. Owner retiring.
Call (856) 205-9700

મદદ જોઈએ છે
ગુજરાતી પરિવાર માટે
લીવ-ઇન-નેની જોઇએ છે.
રીવરસાઇડ, સીએ.
સંપર્ક :
(951) 696-8286

EQUISHARE BARAAT HORSES & CARRIAGES
Beautifully decorated Ghoris
We beat any legitimate quote
Our service is second to none!
NJ, NY, PA and Florida.
Visit: www.ponyshare.com or
Call: (908) 439-3901
Namaste & Mubarak

C-STORE FOR SALE
Store for Sale in Upstate SC
Annual volume $400K Annual Lottery commission $10K Low rent
Call (864) 224-0920 or email: p.manan@yahoo.com for more details

HOUSE FOR SALE
Floral Park 4 bedroom, 2 bath, Cape House, Large Property for sale.
Call:
Jacob (718) 736-9109

REAL ESTATE SALE
Franklin Square Legal 2 family, everything completely renovated only 5 years ago
2 car garage sd # 17, 60x100 property, asking $529K.
Pl call
(516) 459-3655

MISSING TEETH
Dental Implants are the solution
Digital X-Rays, Clear Braces & Invisalign
Free Cosmetic consultation
Call: 718-956-8400
Deepak & Ami Bhagat-DDS – Deepti Gupta-DDS

